૨૭ ડંકાપૂર્વક નીચેનો મંત્ર બોલી પરમાત્મા તથા યંત્ર(પટ)ની અષ્ટપ્રકારી પૂજા કરવી....

**ॐ ह्रीं श्रीं परमपुरुषाय परमेश्वराय जन्मजरामृत्युनिवारणाय श्री गोमेध - अंबिका परिपूजिताय श्री नेमिजिनेन्द्राय जलं चन्दनं पुष्पं धूपं दीपं अक्षतं नैवेद्यं फलानि यजामहे स्वाहा ॥**

૨૭ મણકાની કાળી માળાથી **ॐ ह्रीं अर्हं श्री नेमिनाथाय नमः ॥** અથવા

૧૦૮ મણકાની કાળી માળાથી **ॐ नेमिनाथाय नमः ॥** નો જાપ કરવો.

પૂર્ણાહૂતિ વિધિ...

(પછી ૧૦૮ દીપકની આરતી-મંગળદીવો ઉતારવા....)

### શ્રી ગિરનાર - નેમિજિન આરતી

જય જય આરતી નેમિજિણંદા, સમુદ્રવિજય શિવાદેવીકો નંદા...
પહેલી આરતી ભાવથી કીજે, ગિરનાર ભેટીને પુણ્ય લહીજે....
દૂસરી આરતી જિનો અનંતા, દીક્ષા-કેવલ-શિવસુખ ધરંતા....
તીસરી આરતી નેમિ જિણંદા, સહસાવને વ્રત-નાણ વરંતા...
ચોથી આરતી ભવપાર થાવે, પાંચમી ટૂંકે પરમ પદ પાવે...
પંચમી આરતી ચિંતામણિ પાયા, ગિરનાર - નેમિગુણ હેમને ગાયા...

### મંગળદીવો

દીવો રે દીવો પ્રભુ મંગલિક દીવો, આરતી ઉતારણ બહુચિરંજીવો... દીવો
સોહામણું ઘેર પર્વ દીવાળી, અંબર ખેલે અમરાબાળી.... દીવો
દીપાળ ભણે એણે કુલ અજુવાળી, ભાવે ભગતે વિઘન નિવારી... દીવો

દીપાળ ભણે એણે એ કલિકાળે, આરતી ઉતારી રાજા કુમારપાળે.... દીવો
અમ ઘેર મંગલિક તુમ ઘેર મંગલિક, મંગલિક ચતુર્વિધ સંઘને હોજો.... દીવો

**॥ શાન્તિ કળશ ॥**

(નવકાર - ઉવસગ્ગહરં અને મોટી શાંતિ બોલવા પૂર્વક અખંડ જલધારાએ અષ્ટમંગલનો ઘડો ભરવો....)

**॥ શ્રી નવકાર મહામંત્ર ॥**

**नमो अरिहंताणं ॥१॥ नमो सिद्धाणं ॥२॥**
**नमो आयरियाणं ॥३॥ नमो उवज्झायाणं ॥४॥**
**नमो लोए सव्वसाहूणं ॥५॥ एसो पंच नमुक्कारो ॥६॥**
**सव्वपावप्पणासणो ॥७॥ मंगलाणं च सव्वेसिं ॥८॥ पढमं हवइ मंगलं ॥९॥**

## ॥ શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર ॥

उवसग्गहरं पासं पासं, वंदामि कम्मघण मुक्कं; ।
विसहरविसनिन्नासं, मंगल कल्लाण आवासं ॥१॥

विसहर फुलिंग मंतं, कंठे धारेइ जो सया मणुओ; ।
तस्स गह रोगमारी, दुट्‌ठ जरा जंति उवसामं ॥२॥

चिट्ठउ दुरे मंतो, तुज्झ पणामो वि बहुफलो होई; ।
नरतिरिएसु वि जीवा, पावंति न दुक्ख - दोगच्चं ॥३॥

तुह सम्मत्ते लद्धे, चिंतामणि कप्पपायवब्भहिए; ।
पावंति अविग्घेणं, जीवा अयरामरं ठाणं ॥४॥

इअ संथुओ महायस, भत्तिब्भर निब्भरेण हिअएण; ।
ता देव दिज्ज बोहिं, भवे भवे पासजिणचंद ॥५॥

## ॥ बृहच्छान्ति स्तोत्र ॥

भो भो भव्याः ! शृणुत वचनं प्रस्तुतं सर्वमेतद्,
ये यात्रायां त्रिभुवनगुरोराऽऽर्हता भक्तिभाजः । तेषां शान्तिर्भवतु
भवतामर्हदादिप्रभावा दारोग्यश्रीधृतिमतिकरी क्लेशविध्वंसहेतुः ॥१॥

भो भो भव्यलोका ! इह हि भरतैरावतविदेह - सम्भवानां समस्त तीर्थकृतां
जन्मन्यासन - प्रकम्पानन्तरमवधिना विज्ञाय, सौधर्माधिपतिः सुघोषाघंटा
चालनानन्तरं सकलसुरासुरेन्दैः सह समागत्य सविनयमर्हद्भट्टारकं गृहीत्वा
गत्वा कनकाद्रिशृङ्गे, विहितजन्माभिषेकः शान्तिमुद्घोषयति यथा ततोऽहं
कृतानुकारमिति कृत्वा, महाजनो येन गतः स पन्थाः इति भव्यजनैः सहसमेत्य,
स्नात्रपीठे स्नात्रं विधाय शान्तिमुद्घोषयामि, तत्पूजा-यात्रा-स्नात्रादि- महोत्सवानन्तरमिति
कृत्वा कर्णं दत्त्वा निशम्यतां निशम्यतां स्वाहा ॥२॥

ॐ पुण्याहं पुण्याहं प्रीयन्तां प्रीयन्तां भगवन्तोऽर्हन्तः सर्वज्ञाः सर्वदर्शिन
स्त्रिलोकनाथा - स्त्रिलोकमहिता - स्त्रिलोकपूज्या - स्त्रिलोकेश्वरा - स्त्रिलोकोद्योतकराः ॥३॥

ॐ ऋषभ - अजित - संभव - अभिनंदन - सुमति - पद्मप्रभ - सुपार्श्व - चन्द्रप्रभ - सुविधि - शीतल - श्रेयांस - वासुपूज्य - विमल - अनन्त - धर्म - शान्ति - कुंथु - अर - मल्लि - मुनिसुव्रत - नमि - नेमि - पार्श्व - वर्धमानान्ता जिनाः शान्ताः शान्तिकरा भवन्तु स्वाहा ॥४॥

ॐ मुनयो मुनिप्रवरा रिपु-विजय-दुर्भिक्ष - कान्तारेषु दुर्गमार्गेषु रक्षन्तु वो नित्यं स्वाहा ॥५॥

ॐ ह्रीं श्रीं धृति - मति -कीर्ति -कान्ति - बुद्धि -लक्ष्मी - मेधा - विद्यासाधन - प्रवेश - निवेशनेषु सुगृहीत - नामानो जयन्तु ते जिनेन्द्राः ॥६॥

ॐ रोहिणी - प्रज्ञप्ति - वज्रशृङ्खला - वज्राङ्कुशी - अप्रतिचक्रा - पुरुषदत्ता - काली - महाकाली - गौरी - गान्धारी - सर्वास्त्रामहाज्वाला - मानवी - वैरोट्या - अच्छुप्ता - मानसी - महामानसी षोडश विद्यादेव्यो रक्षन्तु वो नित्यं स्वाहा ॥७॥

ॐ आचार्योपाध्याय प्रभृति चातुर्वर्णस्य श्री श्रमणसङ्घस्य शान्तिर्भवतु तुष्टिर्भवतु पुष्टिर्भवतु ॥८॥

ॐ ग्रहाश्चन्द्रसूर्याङ्गारकबुध बृहस्पति शुक्र शनैश्चरराहुकेतु सहिताः सलोकपालाः सोम - यम - वरुण कुबेरवासवादित्य - स्कन्द विनायकोपेता ये चान्येऽपि ग्राम - नगर - क्षेत्रदेवतादयस्ते सर्वे प्रीयन्तां प्रीयन्तां, अक्षीण - कोशकोष्ठागारा नरपतयश्च भवन्तु स्वाहा ॥९॥

ॐ पुत्रमित्रभ्रातृकलत्रसुहृद्स्वजनसम्बन्धिबन्धुवर्ग सहिताः नित्यं चामोदप्रमोदकारिणः अस्मिंश्च भूमंडल आयतन - निवासी साधुसाध्वीश्रावकश्राविकाणां रोगोपसर्गव्याधिदुःखदुर्भिक्ष-दौर्मनस्योपशमनाय शान्तिर्भवतु ॥१०॥

ॐ तुष्टि पुष्टि ऋद्धि वृद्धि माङ्गल्योत्सवाः सदा प्रादुर्भूतानि पापानि शाम्यन्तु दुरितानि, शत्रवः पराङ्मुखा भवन्तु स्वाहा ॥११॥

श्रीमते शान्तिनाथाय, नमः शान्तिविधायिने । त्रैलोक्यस्यामराधीश, मुकुटाभ्यर्चिताङ्घ्रये ॥१२॥

शान्तिः शान्तिकरः श्रीमान्, शान्तिं दिशतु मे गुरुः । शान्तिरेव सदा तेषां, येषां शान्तिर्गृहे गृहे ॥१३॥

उन्मृष्ट -रिष्ट-दुष्ट-ग्रहगति-दुःस्वप्न-दुर्निमित्तादि- सम्पादितहितसम्पन्नामग्रहणं जयति शान्तेः ॥१४॥

श्री संघजगज्जनपद-राजाधिपराजसन्निवेशानां-गोष्ठिक-पुर-मुख्याणां, व्याहरणैर्व्याहरेच्छान्तिम् ॥१५॥

श्री श्रमणसंघस्य शान्तिर्भवतु, श्री जनपदानां शान्तिर्भवतु,
श्री राजाधिपानां शान्तिर्भवतु, श्री राजसन्निवेशानां शान्तिर्भवतु,
श्री गोष्ठिकानां शान्तिर्भवतु, श्री पौरमुख्याणां शान्तिर्भवतु,
श्री पौरजनस्य शान्तिर्भवतु, श्री ब्रह्मलोकस्य शान्तिर्भवतु,
ॐ स्वाहा ॐ स्वाहा ॐ श्री पार्श्वनाथाय स्वाहा ॥१६॥

एषा शान्तिः प्रतिष्ठा यात्रा स्नात्राद्यवसानेषु, शान्तिकलशं गृहीत्वा कुङ्कुम-
चंदनकर्पूरागरुधूपवास-कुसुमांजलि समेतः स्नात्र-चतुष्किकायां श्री सङ्घ-समेतः
शुचि शुचि वपुः पुष्पवस्त्र - चन्दनाभरणालङ्कृतः पुष्पमालां कण्ठे कृत्वा
शान्तिमुद्घोषयित्वा शान्तिपानीयं मस्तके दातव्यमिति ॥१७॥

नृत्यन्ति नृत्यं मणिपुष्पवर्षं, सृजन्ति गायन्ति च मङ्गलानि ।
स्तोत्राणि गोत्राणि पठन्ति मन्त्रान्, कल्याणभाजो हि जिनाभिषेके ॥१८॥

शिवमस्तु सर्व जगतः
परहितनिरता भवन्तु भूतगणाः
दोषाः प्रयान्तु नाशं
सर्वत्र सुखी भवतु लोकः ॥१९॥

अहं तित्थयरमाया, शिवादेवी तुम्ह नयरनिवासिनी,
अम्ह सिवं तुम्ह सिवं, असिवोवसमं सिवं भवतु स्वाहा ॥२०॥

उपसर्गाः क्षयं यान्ति,
छिद्यन्ते विघ्नवल्लयः
मनः प्रसन्नतामेति,
पूज्यमाने जिनेश्वरे ॥२१॥

सर्वमङ्गल माङ्गल्यं, सर्व कल्याण - कारणं ।
प्रधानं सर्वधर्माणां, जैनं जयति शासनम् ॥२२॥

(પછી નવકાર બોલવો, પછી પાંચ નાગરવેલના પાન મૂકી ઘડામાં શ્રીફળ પધરાવી લીલા કપડાથી ઘડાને બાંધવો, ત્યારબાદ કેસરથી વિલેપન કરી, વરખ લગાવી, પુષ્પમાલા રાખવી, સજોડાએ ઘડો ભરીને પ્રભુજીને ત્રણ પ્રદક્ષિણા આપવી, પ્રદક્ષિણા આપતા ધવલ મંગલ ગીતો ગાવા અને ઘડાને ચોખાથી વધાવવો, પછી પ્રભુજીની જમણીબાજુ ચોખાના સાથિયા ઉપર ત્રણ નવકાર ગણવા પૂર્વક શ્વાસ સ્થિર કરી ઘડો પધરાવવો, ત્યારબાદ ચૈત્યવંદન કરવું.)

### નેમિનાથ ભગવાનનું ચૈત્યવંદન

**ઈચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ, નિસીહિઆએ, મત્થએણ વંદામિ.**

*

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઈરિયાવહિયં પડિક્કમામિ ? ઈચ્છં. ઈચ્છામિ પડિક્કમિઉં ૧. ઈરિયાવહિયાએ, વિરાહણાએ, ૨. ગમણાગમણે, ૩. પાણક્કમણે, બીયક્કમણે, હરિયક્કમણે, ઓસાઉત્તિંગ પણગ દગ, મટ્ટી મક્કડા સંતાણા સંકમણે, ૪. જે મે જીવા વિરાહિયા, ૫. એગિંદિયા, બેઈંદિયા, તેઈંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા, ૬. અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓઠાણં, સંકામિયા, જીવિયાઓ વવરોવિયા તસ્સ મિચ્છામિ દુક્કડં. ૭.

*

તસ્સ ઉત્તરીકરણેણં, પાયચ્છિત્તકરણેણં, વિસોહીકરણેણં, વિસલ્લીકરણેણં, પાવાણંકમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ, ઠામિકાઉસ્સગ્ગં.

*

અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં ૨. એવમાઈએહિં આગારેહિં અભગ્ગો, અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો ૩. જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ ૪. તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૫.

(પછી એક લોગસ્સનો ચંદેસુ નિમ્મલયરા સુધીનો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો, પછી પ્રગટ લોગસ્સ કહેવો)

*

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે; અરિહંતે કિત્તઇસ્સં, ચઉવીસંપિ કેવલી ૧. ઉસભમજિઅં ચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈં ચ; પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે ૨. સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ; વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિં ચ વંદામિ ૩. કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ; વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ ૪. એવં મએ અભિથુઆ, વિહુય રયમલા પહીણજરમરણા; ચઉવીસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ૫. કિત્તિય-વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા; આરુગ્ગ બોહિલાભં, સમાહિવરમુત્તમં દિંતુ, ચંદેસુનિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા, સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ૭.

*

**(પછી ત્રણ ખમાસમણ દઈ, ડાબો ઢીંચણ ઊભો કરી હાથ જોડી)**

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ? ઈચ્છં કહી ચૈત્યવંદન કરવું.

**સકલકુશલવલ્લી, પુષ્કરાવર્ત મેઘો,**
**દુરિતતિમિર ભાનુઃ કલ્પવૃક્ષોપમાનઃ**
**ભવજલનિધિ પોતઃ સર્વસંપત્તિહેતુઃ,**
**સ ભવતુ સતતં વઃ**
**શ્રેયસે શાન્તિનાથઃ શ્રેયસે પાર્શ્વનાથઃ**

*

## શ્રી નેમિજિન ચૈત્યવંદન

નેમિનાથ બાવીસમા, શિવાદેવી માય;
સમુદ્રવિજય પૃથ્વીપતિ, જે પ્રભુના તાય...૧

દશ ધનુષની દેહડી, આયુ વરસ હજાર;
શંખ લંછનધર સ્વામીજી, તજી રાજુલ નાર...૨

શૌરીપુરી નયરી ભલીએ, બ્રહ્મચારી ભગવાન;
જિન ઉત્તમ પદ પદ્મને, નમતાં અવિચલ ઠામ...૩

*

જંકિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ;
જાઈં જિણબિંબાઈં, તાઈં સવ્વાઈં વંદામિ.

*

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં. ૧. આઈગરાણં, તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં. ૨. પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવરપુંડરિઆણં, પુરિસવરગંધહત્થીણં. ૩. લોગુત્તમાણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં. ૪. અભયદયાણં, ચક્ખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં. ૫. ધમ્મદયાણં, ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંત- ચક્કવટ્ટીણં. ૬. અપ્પડિહયવરનાણ - દંસણધરાણં, વિઅટ્ટછઉમાણં. ૭. જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં; બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં. ૮. સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, સિવ - મયલ-મરુઅ - મણંત મક્ખય મવ્વાબાહ - મપુણરાવિત્તિ - સિદ્ધિ ગઈ નામધેયં ઠાણં સંપત્તાણં, નમો જિણાણં જિઅભયાણં. ૯. જે અ અઈઆ સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગએ કાલે; સંપઈઅ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. ૧૦.

**(પુરુષોએ બે હાથ ઊંચા કરીને બોલવું)**

જાવંતિ ચેઈઆઈં, ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ;
સવ્વાઈ તાઈં વંદે, ઈહ સંતો તત્થ સંતાઈં.

*

ઈચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ,
નિસીહિઆએ, મત્થએણ વંદામિ.

*

જાવંત કેવિ સાહૂ, ભરહેરવય મહાવિદેહે અ;
સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડ વિરયાણં.

*

**નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ**

*

નિરખ્યો નેમિ જિણંદને અરિહંતાજી,
રાજિમતી કર્યો ત્યાગ; ભગવંતાજી.
બ્રહ્મચારી સંયમ ગ્રહ્યો અરિ., અનુક્રમે થયા વીતરાગ- ભ.૧
ચામર ચક્ર સિંહાસન અરિ., પાદપીઠ સંયુક્ત-ભ.
છત્ર ચાલે આકાશમાં અરિ., દેવદુંદુભિ વર ઉત્ત - ભ.૨
સહસ જોયણ ધ્વજ સોહતો અરિ., પ્રભુ આગલ ચાલંત - ભ.
કનક કમલ નવ ઉપરે અરિ., વિચરે પાય ઠવંત - ભ. ૩
ચાર મુખે દીયે દેશના અરિ., ત્રણ ગઢ ઝાકઝમાલ -ભ.
કેશ રોમ શ્મશ્રુ નખા અરિ., વાધે નહિ કોઈ કાલ - ભ.૪
કાંટા પણ ઉંધા હોયે અરિ., પંચ વિષય અનુકૂલ - ભ.
ષટ્ઋતુ સમકાલે ફળે અરિ., વાયુ નહિ પ્રતિકૂલ - ભ. ૫
પાણી સુગંધ સુર કુસુમની અરિ., વૃષ્ટિ હોય સુરસાલ - ભ.
પંખી દીયે સુપ્રદક્ષિણા અરિ., વૃક્ષ નમે અસરાલ - ભ. ૬

જિન ઉત્તમ પદ પદ્મની　　અરિ., સેવા કરે સુરકોડી - ભ.
ચાર નિકાયના જઘન્યથી　　અરિ., ચૈત્યવૃક્ષ તેમ જોડી - ભ. ૭

(બે હાથ ઊંચા કરીને)

જયવીયરાય ! જગગુરુ ! હોઉ મમં તુહ પભાવઓ ભયવં !
ભવનિવ્વેઓ મગ્ગાણુસારિયા ઇટ્ઠફલસિદ્ધિ ....૧
લોગવિરુદ્ધચ્ચાઓ, ગુરુજણપૂઆ, પરત્થકરણં ચ;
સુહગુરુજોગો તવ્વયણ-સેવણા આભવમખંડા. .....૨

(બે હાથ નીચે કરીને)

વારિજ્જઈ જઈવિ નિઆણ-બંધણં વીયરાય ! તુહ સમએ;
તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં. ....૩
દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ;
સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામકરણેણં. ....૪
સર્વ-મંગલ-માંગલ્યં, સર્વ-કલ્યાણ કારણં;
પ્રધાનં સર્વ-ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્. ....૫

(પછી ઊભા થઈને)

અરિહંત ચેઈઆણં, કરેમિ કાઉસ્સગ્ગં. ૧. વંદણવત્તિઆએ, પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ, બોહિલાભવત્તિઆએ, નિરુવસગ્ગવત્તિઆએ. ૨. સદ્ધાએ, મેહાએ, ધિઈએ ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં. ૩

*

અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ પિત્તમુચ્છાએ,. ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં, ૨. એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ હુજ્જ મે કાઉસ્સગ્ગો. ૩ જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ. ૪ તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં અપ્પાણં વોસિરામિ ૫

(કહીને એક નવકારનો કાઉસ્સગ્ગ પારીને)

નમોઽર્હત્ સિધ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

(બોલીને થોય બોલવી)

રાજુલ વરનારી, રૂપથી રતિહારી,
તેહના પરિહારી, બાલથી બ્રહ્મચારી;
પશુઆ ઉગારી, હુઆ ચારિત્રધારી,
કેવલ સિરી સારી, પામીયા ઘાતી વારી.

(પછી ક્ષમાપના કરવી.)

**॥ ક્ષમાપના મંત્ર ॥**

**ॐ आज्ञाहीनं क्रियाहीनं, मंत्रहीनं च यत्कृतम्, तत् सर्वं कृपया देवा क्षमन्तु परमेश्वरा ॥१॥**
**आह्वानं नैव जानामि, न जानामि विसर्जनम्, पूजाविधिं न जानामि प्रसीद परमेश्वर ॥२॥**

(ત્યારબાદ વિસર્જન મુદ્રા કરી વાસક્ષેપ દ્વારા વિસર્જન કરવું.)

**॥ વિસર્જન મંત્ર ॥**

**ॐ विसर विसर स्वस्थानं गच्छ गच्छ स्वाहा ।**

**॥ ઈતિ નેમિભક્તામર (પ્રાચીન) મહાપૂજન સમાપ્ત. ॥**

# ગિરનારજી મહાતીર્થ ૧૦૮ નામાભિષેક મહાપૂજન

**પૂર્વ તૈયારી પાના નં. ૧૩થી ૪૧ સુધીની વિધિ કરવી**

**(પછી આ પૂજનની શરૂઆત કરવી)**

**સ્તુતિ :** દેવાંગનાને દેવતાઓ, જેની સેવના ઝંખતા,
મળી તીર્થકલ્પો વળી, જેના ગુણલાં ગાવતાં;
જિનો અનંતા જે ભૂમિએ, પરમ પદને પામતાં,
એ ગિરનારને વંદતા, પાપો બધાં દૂરે જતાં.

શ્લોક : **दीक्षा केवलं निर्वृत्ति, कल्याणत्रिकमनंततीर्थकृताम् ।**
**युगपदथैकमभवन्, स जयति गिरनारगिरिराज : ॥**

નીચેનો દરેક દુહો + ખમાસમણું + મંત્ર સાથે બોલીને થાળીના એક ડંકા સાથે માત્ર અભિષેક કરવો...

(૧) **દુહો :** કૈલાસગિરિવરે શિવવર્યા, તીર્થંકરો અનંત;
આગે અનંતા પામશે, તીરથકલ્પ વદંત.

**મંત્ર : ૐ હ્રીં શ્રી કૈલાસગિરિ ગિરિરાજાય નમઃ**

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય શ્રી ગિરનારમહાતીર્થાય જલંપૂજા યજામહે સ્વાહા.**

(૨) **દુહો :** ઉજ્જયંત ગિરિવર મંડણો, શિવાદેવીનો નંદ;
યદુકુલવંશ ઉજાળીયો, નમો નમો નેમિજિણંદ.

**મંત્ર : ૐ હ્રીં શ્રી ઉજ્જયંતગિરિ ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીં શ્રીં પરમ.......**

(૩) **દુહો :** રૈવતગિરિ સમરૂં સદા, સોરઠ દેશ મોઝાર;
માનવભવ પામી કરી, ધ્યાવું વારંવાર.

**મંત્ર : ૐ હ્રીં શ્રી રૈવતગિરિ ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીં શ્રીં પરમ.......**

(૪) **દુહો :** એકેકું પગલું ચઢે, સ્વર્ણગિરિનું જેહ;
હેમ વદે ભવોભવતણાં, પાતિક થાયે છેહ.

**મંત્ર : ૐ હ્રીં શ્રી સ્વર્ણગિરિ ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીં શ્રીં પરમ......**

(૫) **દુહો :** સોરઠદેશમાં સંચર્યો, ન ચઢ્યો ગઢ ગિરનાર;
સહસાવન ફરશ્યો નહીં, એનો એળે ગયો અવતાર.

**મંત્ર : ૐ હ્રીં શ્રી ગિરનાર ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીં શ્રીં પરમ........**

(૬) દુહો : આધિ વ્યાધિ ઉપાધિ સૌ, જાયે તત્કાળ દૂર;
ભાવથી નંદભદ્ર વંદતા, પામે શિવસુખ નૂર.

**મંત્ર : ૐ હ્રીં શ્રી નંદભદ્ર ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીં શ્રીં પરમ......**

(૭) દુહો : લોહ જિમ કંચન બને, પારસમણિને યોગ;
ગિરિ સ્પર્શે ચિન્મય બને, અશોકચંદ સુયોગ.

**મંત્ર : ૐ હ્રીં શ્રી પારસગિરિ ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીં શ્રીં પરમ.....**

(૮) દુહો : મન વચ કાયા યોગને, જીત્યા જે ગિરિ માંહી;
તિણ કારણ યોગી તણો, ઈન્દ્ર કહાયો જ્યાંહી.

**મંત્ર : ૐ હ્રીં શ્રી યોગેન્દ્રગિરિ ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીં શ્રીં પરમ.....**

(૯) દુહો : ગિરિ તણા ગુણને કહે, તીર્થંકર ભગવંત;
સનાતનગિરિ માનથી, શિવ લહે જીવ અનંત.

**મંત્ર : ૐ હ્રીં શ્રી સનાતનગિરિ ગિરિરાજાય નમઃ**

૨૭ ડંકાપૂર્વક નીચેનો મંત્ર બોલી અષ્ટપ્રકારી પૂજા કરવી....

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય શ્રી ગિરનારમહાતીર્થાય જલાદિકં યજામહે સ્વાહા.**

**સ્તુતિ :** ગત ચોવીસીમાં જે ભૂમિએ, સિદ્ધિ વધૂ જિનદસ વર્યા,
ને આવતી ચોવીસી માંહે, સૌ જિનો શાસ્ત્રે કહ્યાં;
એ ગિરનારના ગુણઘણા પણ, અંશથી શબ્દે વર્ણ્યા,
એ ગિરનારને વંદતા, પાપો બધાં દૂરે જતાં.

શ્લોક : **दीक्षा केवलं निर्वृत्ति, कल्याणत्रिकमनंततीर्थकृताम् ।
युगपदथैकमभवन्, स जयति गिरनारगिरिराजः ॥**

નીચેનો દરેક દુહો + ખમાસમણું + મંત્ર સાથે બોલીને થાળીના એક ડંકા સાથે માત્ર અભિષેક કરવો...

(૧૦) **દુહો :** દુર્ગંધા નારી ઈણગિરી, ગજપદ કુંડે સ્નાન;
બની સુગંધી દેહડી, સુરભિગિરિને પ્રણામ.

**મંત્ર : ૐ હ્રીં શ્રી સુરભિગિરિ ગિરિરાજાય નમઃ**

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય શ્રી ગિરનારમહાતીર્થાય જલંપૂજા યજામહે સ્વાહા...

(૧૧) દુહો : ઉદય લહે શુભ કર્મનો, અશુભનો થાયે જિહાં છેદ;
એહ ગિરિના ધ્યાનથી, અંતે લહે અવેદ.
મંત્ર : ૐ હ્રીં શ્રી ઉદયગિરિ ગિરિરાજાય નમઃ ૐ હ્રીં શ્રીં પરમ....

(૧૨) દુહો : તાપસ પણ શિવસુખ લહે, એહવો જેહનો પ્રભાવ;
અષ્ટકર્મનો ક્ષય કરી, પામે આત્મ સ્વભાવ.
મંત્ર : ૐ હ્રીં શ્રી તાપસગિરિ ગિરિરાજાય નમઃ ૐ હ્રીં શ્રીં પરમ.....

(૧૩) દુહો : આલંબન આપી રહ્યો, સિદ્ધિસદન સોપાન;
જે જે જીવડા તેહ ભજે, ઝટ પામે શિવસ્થાન.
મંત્ર : ૐ હ્રીં શ્રી આલંબનગિરિ ગિરિરાજાય નમઃ ૐ હ્રીં શ્રીં પરમ...

(૧૪) દુહો : ગિરિવરોમાં પરમતા, પામી જેહ સૌભાગ્ય;
આનંદ આપે સહુ જીવને, દૂર કરી દુર્ભાગ્ય.
મંત્ર : ૐ હ્રીં શ્રી પરમગિરિ ગિરિરાજાય નમઃ ૐ હ્રીં શ્રીં પરમ.....

(૧૫) દુહો : શ્રી ગિરિ છે એક એહવો, પ્રિય વસ્તુમાં અજોડ;
ભવિક જીવ ઝંખે ઘણું, વરવા શિવવધૂ કોડ.

**મંત્ર : ૐ હ્રીં શ્રી શ્રીગિરિ ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીં શ્રીં પરમ.....**

(૧૬) દુહો : સાતરાજ પહોંચાડવા, જે ધરે સપ્ત શિખર;
સ્વગુણ મહેલ પ્રવેશવા, જે કરે મોટુ વિવર.

**મંત્ર : ૐ હ્રીં શ્રી સપ્તશિખરગિરિ ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીં શ્રીં પરમ....**

(૧૭) દુહો : ચૈતન્યશક્તિ પ્રગટતાં, આત્માનંદ જિહાં થાય;
તેહ ગિરિના સ્મરણથી, ચૈતન્યપૂંજ સમરાય.

**મંત્ર : ૐ હ્રીં શ્રી ચૈતન્યગિરિ ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીં શ્રીં પરમ.....**

(૧૮) દુહો : વ્યય હોવે કર્મો તણો, વળી અશુભ પરિણામ;
અવ્યયગિરિને વંદતા, શુદ્ધ સ્વરૂપને પામ.

**મંત્ર : ૐ હ્રીં શ્રી અવ્યયગિરિ ગિરિરાજાય નમઃ**

૨૭ ડંકાપૂર્વક નીચેનો શ્લોક બોલી અષ્ટપ્રકારી પૂજા કરવી.

**ૐ હ્રીં શ્રી પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય**
**શ્રી ગિરનારમહાતીર્થાય જલાદિકં યજામહે સ્વાહા.**

**સ્તુતિ :** અપ્સરાઓ ઋષિઓ, વળી સિદ્ધપુરુષને ગાંધર્વો,
આ તીર્થંકરી સેવા કાજે, આવતાં સૌ ભવિજનો;
ઘરબેઠાં પણ તસ ધ્યાન ધરતાં, ચોથે ભવે શિવસુખ લહો,
એ ગિરનારને વંદતા, પાપો બધાં દૂરે જતાં.

**શ્લોક : दीक्षा केवलं निर्वृत्ति, कल्याणत्रिकमनंततीर्थकृताम् ।**
**युगपदथैकमभवन्, स जयति गिरनारगिरिराजः ॥**

નીચેનો દરેક દુહો + ખમાસમણું + મંત્ર સાથે બોલીને થાળીના એક ડંકા સાથે માત્ર અભિષેક કરવો...

(૧૯) **દુહો :** એહ ગિરિ છે અનાદિથી, કાળ અનંત રહે જેહ;
ભૂમિતલે ધ્રુવપણે રહી, શાશ્વતતા લહે તેહ.

**મંત્ર : ૐ હ્રીં શ્રી ધ્રુવગિરિ ગિરિરાજાય નમઃ**

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય**
**શ્રી ગિરનારમહાતીર્થાય જલંપૂજા યજામહે સ્વાહા.**

(૨૦) **દુહો :** ધ્યાન ધરતા ગિરિતણું, ભવચોથે લહે શિવ;
પરમોદય આતમ તણો, પ્રગટાવે ભવિ જીવ.
**મંત્ર : ૐ હ્રીં શ્રી પરમોદયગિરિ ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીં શ્રીં પરમ......**

(૨૧) **દુહો :** સહસાવને સંયમગ્રહી, ગજસુકુમાલ મુણિંદ;
રૈવત મસાણે શિવ લહી, નિસ્તારણ ગિરિંદ.
**મંત્ર : ૐ હ્રીં શ્રી નિસ્તારગિરિ ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીં શ્રીં પરમ.....**

(૨૨) **દુહો :** માતપિતાનો ઘાતકી, ગિરનારે આવંત;
ભીમસેન મુગતે ગયો, પાપહર ગિરિ સેવંત.
**મંત્ર : ૐ હ્રીં શ્રી પાપહરગિરિ ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીં શ્રીં પરમ.....**

(૨૩) **દુહો :** અનંત કલ્યાણક જિન તણા, ગિરિ શૃંગે સોહાય;
વ્રત-કેવલ-મુક્તિ લહે, કલ્યાણક ગિરિ જોવાય.
**મંત્ર : ૐ હ્રીં શ્રી કલ્યાણકગિરિ ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીં શ્રીં પરમ.....**

(૨૪) દુહો : મેઘ પરે વરસે સદા, ગિરિ વૈરાગ્ય ઝરણ;

સિંચે આતમ ગુણને, પરમાનંદ રમણ.

મંત્ર : ૩ઁ હ્રીં શ્રી વૈરાગ્યગિરિ ગિરિરાજાય નમઃ ૩ઁ હ્રીં શ્રીં પરમ.....

(૨૫) દુહો : સુરતરૂ સમ આરાધતાં, પુણ્યદાયક ગિરિરાજ;

ઋદ્ધિ સમૃદ્ધિ તત્ક્ષણમિલે, વળી મળે સિદ્ધિરાજ.

મંત્ર : ૩ઁ હ્રીં શ્રી પુણ્યદાયકગિરિ ગિરિરાજાય નમઃ ૩ઁ હ્રીં શ્રીં પરમ....

(૨૬) દુહો : સિદ્ધપદ અર્પણ કરે, જેહ ગિરિની સેવ;

તિણે કારણ વંદીએ સદા, અભેદ થઈ તતખેવ.

મંત્ર : ૩ઁ હ્રીં શ્રી સિદ્ધપદગિરિ ગિરિરાજાય નમઃ ૩ઁ હ્રીં શ્રીં પરમ......

(૨૭) દુહો : મિથ્યાદ્રષ્ટિ ભમતા ભવે, પામે ગિરિ શરણ;

સુદ્રષ્ટિ લહે પંથે રહી, દ્રષ્ટિદાયક ચરણ.

મંત્ર : ૩ઁ હ્રીં શ્રી દ્રષ્ટિદાયકગિરિ ગિરિરાજાય નમઃ

૨૭ ડંકાપૂર્વક નીચેનો શ્લોક બોલી અષ્ટપ્રકારી પૂજા કરવી.

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય**

**શ્રી ગિરનારમહાતીર્થાય જલાદિકં યજામહે સ્વાહા.**

**સ્તુતિ :** પ્રાસાદની પ્રતિષ્ઠા કાજે, ગણધરો પધારતાં,
હર્ષે ભરેલાં ઈન્દ્રો પણ, ઐરાવણ પર આવતાં;
હસ્તિપાદે ભક્તિકાજે, ગજપદ કુંડ કરાવતાં,
એ ગિરનારને વંદતા, પાપો બધાં દૂરે જતાં.

**શ્લોક :** **दीक्षा केवलं निर्वृत्ति, कल्याणत्रिकमनंततीर्थकृताम् ।**
**युगपदथैकमभवन्, स जयति गिरनारगिरिराज : ॥**

નીચેનો દરેક દુહો + ખમાસમણું + મંત્ર સાથે બોલીને થાળીના એક ડંકા સાથે માત્ર અભિષેક કરવો...

(૨૮) **દુહો :** પડિમા ભરાવી સુરવરે, પૂજા કરે ત્રિકાળ;
ચૈત્યદ્વારે રક્ષા કરે, ઈન્દ્ર થઈ રખેવાળ.

**મંત્ર :** **ૐ હ્રીં શ્રી ઈન્દ્રગિરિ ગિરિરાજાય નમઃ**

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રી ગિરનારમહાતીર્થાય જલંપૂજા યજામહે સ્વાહા.

(૨૯) દુહો : સ્ફટિક જિમ છે ઉજળો, નિરંજન નિરાકાર;
શુદ્ધાતમ ઈણ ગિરિ કરે, દીસે અંજન આકાર.
મંત્ર : ૐ હ્રીં શ્રી નિરંજનગિરિ ગિરિરાજાય નમઃ ૐ હ્રીં શ્રીં પરમ.......

(૩૦) દુહો : ઈણ ક્ષેત્રે દાન તપ કરે, ક્રોડ ગણું ફલ પામ;
અનંત ઋદ્ધિ નિર્મલપણું, લહેશો ગિરિ વિશ્રામ.
મંત્ર : ૐ હ્રીં શ્રી વિશ્રામગિરિ ગિરિરાજાય નમઃ ૐ હ્રીં શ્રીં પરમ....

(૩૧) દુહો : સ્પર્શો પંચમ શિખરે, શિવગામી નેમિ ચરણ;
વરદત્ત ગણધર પૂજો, પામો ચરણ શરણ.
મંત્ર : ૐ હ્રીં શ્રી પંચમગિરિ ગિરિરાજાય નમઃ ૐ હ્રીં શ્રીં પરમ....

(૩૨) દુહો : ભવનિર્વેદ કરી મુનિવરો, અનશન તપે તપંત;
ભવચ્છેદક ગિરિ વંદતા, અજરામર પદ લહંત.
મંત્ર : ૐ હ્રીં શ્રી ભવચ્છેદકગિરિ ગિરિરાજાય નમઃ ૐ હ્રીં શ્રીં પરમ.....

(૩૩) દુહો : દ્રવ્યભાવ શત્રુહણે, આપે મનવાંછિત;
ગિરિવરનો આશ્રય લહે, વિશ્વ બને આશ્રિત.

મંત્ર : ૐ હ્રીઁ શ્રી આશ્રયગિરિ ગિરિરાજાય નમઃ ૐ હ્રીઁ શ્રીઁ પરમ....

(૩૪) દુહો : દેવો વાસ કરે જિહાં, કરવા જન્મ પવિત્ર;
જાણે સ્વર્ગ વસ્યુ તિંહા, તિણે સ્વર્ગગિરિ સિદ્ધ.

મંત્ર : ૐ હ્રીઁ શ્રી સ્વર્ગગિરિ ગિરિરાજાય નમઃ ૐ હ્રીઁ શ્રીઁ પરમ.....

(૩૫) દુહો : સમત્વગુણ વિલસી રહ્યો, મહાગિરિ કણે કણ;
સ્મરણ દર્શન સ્પર્શને, દીયે અનુભવ મણ.

મંત્ર : ૐ હ્રીઁ શ્રી સમત્વગિરિ ગિરિરાજાય નમઃ ૐ હ્રીઁ શ્રીઁ પરમ...

(૩૬) દુહો : વિશાળગિરિ પરશાળમાં, વાસ કરે ભવિલોક;
પાપ ટળે ભવતણાં, અમલગિરિ આલોક.

મંત્ર : ૐ હ્રીઁ શ્રી અમલગિરિ ગિરિરાજાય નમઃ

૨૭ ડંકાપૂર્વક નીચેનો મંત્ર બોલી અષ્ટપ્રકારી પૂજા કરવી.

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય**

**શ્રી ગિરનારમહાતીર્થાય જલાદિકં યજામહે સ્વાહા..**

**સ્તુતિ :** દેવતાઓ ઉર્વશીઓ, યક્ષોને વિદ્યાધરો,

વળી ગાંધર્વો સ્વસિદ્ધિ કાજે, તીર્થની સ્તવના કરે;

જ્યાં સૂર્ય-ચંદ્ર વિમાન વિરામી, હર્ષથી સ્તવના કરે,

એ ગિરનારને વંદતા, પાપો બધાં દૂરે જતાં.

શ્લોક : **दीक्षा केवलं निर्वृत्ति, कल्याणत्रिकमनंततीर्थकृताम् ।**

**युगपदथैकमभवन्, स जयति गिरनारगिरिराजः ॥**

નીચેના દરેક દુહો + ખમાસમણું + મંત્ર સાથે બોલીને થાળીના એક ડંકા સાથે માત્ર અભિષેક કરવો...

(૩૭) **દુહો :** ભવ્યરૂપી કમળ ખીલે, જ્ઞાનોદ્યોતગિરિ તેજ;

ગુણશ્રેણી પ્રકાશમાં, પામી સિદ્ધિની સેજ.

**મંત્ર : ૐ હ્રીં શ્રી જ્ઞાનોદ્યોતગિરિ ગિરિરાજાય નમઃ**

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય**
**શ્રી ગિરનારમહાતીર્થાય જલંપૂજા યજામહે સ્વાહા.**

(૩૮) દુહો : ગુણનિધિ એ ગિરિ થયો, અનંત જિનનો જ્યાં;
પ્રગટ્યો નિજ સ્વરૂપનો, અકલ અમલ ગુણ ત્યાં.
**મંત્ર : ૐ હ્રીં શ્રી ગુણનિધિગિરિ ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીં શ્રીં પરમ....**

(૩૯) દુહો : સ્વયંપ્રભા ખીલી રહી, જેની અનાદિ અનંત;
તેહ ગિરિને વંદતા, દોષ ટળે અનંત.
**મંત્ર : ૐ હ્રીં શ્રી સ્વયંપ્રભગિરિ ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીં શ્રીં પરમ....**

(૪૦) દુહો : એ ગિરનારને ભેટતાં, અપૂરવ ઉલ્લસે દેહ;
કરમદલ ચૂરણ કરી, પામે ભવિ સુખ તેહ.
**મંત્ર : ૐ હ્રીં શ્રી અપૂર્વગિરિ ગિરિરાજાય નમ :** **ૐ હ્રીં શ્રીં પરમ....**

(૪૧) દુહો : આનંદ પૂરણ જેહના, ફરસે ધ્યાને જેહ;
પૂર્ણાનંદગિરિ તેહનું, નામ થયું જગતેહ.
**મંત્ર : ૐ હ્રીં શ્રી પૂર્ણાનંદગિરિ ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીં શ્રીં પરમ...**

(૪૨) દુહો : વાનરીમુખ નૃપઅંગજા, ઈણગિરિ ઝરણપસાય;
અનુપમ મુખકમલ લહી, પામે શિવ સુખસદાય.

**મંત્ર : ૐ હ્રીં શ્રી અનુપમગિરિ ગિરિરાજાય નમઃ ૐ હ્રીં શ્રીં પરમ....**

(૪૩) દુહો : પ્રભંજનગિરિ એહથી, પાપ પ્રણાશન થાય;
પુણ્યપૂંજ કરી એકઠો, સુખપામે વરદાય.

**મંત્ર : ૐ હ્રીં શ્રી પ્રભંજનગિરિ ગિરિરાજાય નમઃ ૐ હ્રીં શ્રીં પરમ....**

(૪૪) દુહો : પ્રભવગિરિના પ્રભાવથી, તિણે શિવપામ્યા અનંત;
પામે છે ને પામશે, લબ્ધિ લહી એકંત.

**મંત્ર : ૐ હ્રીં શ્રી પ્રભવગિરિ ગિરિરાજાય નમઃ ૐ હ્રીં શ્રીં પરમ...**

(૪૫) દુહો : હિમ સમ શીતળતા હુવે, કરે જીવ સમતાપાન;
આતમ સત્તા પ્રગટ કરી, અક્ષયપદ વિસરામ.

**મંત્ર : ૐ હ્રીં શ્રી અક્ષયગિરિ ગિરિરાજાય નમઃ**

૨૭ ડંકાપૂર્વક નીચેનો મંત્ર બોલી અષ્ટપ્રકારી પૂજા કરવી.

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય**
**શ્રી ગિરનારમહાતીર્થાય જલાદિકં યજામહે સ્વાહા.**

**સ્તુતિ :** ગુફાઓમાં સાધકો વળી, મંત્રોને આરાધતાં,
નવરંધ્રોથી પ્રાણોને રોધિ, પરમનું ધ્યાન ધ્યાવતાં;
વળી વિવિધ યોગાસનો વડે, જે યોગ સાધના સાધતાં,
એ ગિરનારને વંદતા, પાપો બધાં દૂરે જતાં.....

**શ્લોક : दीक्षा केवलं निर्वृत्ति, कल्याणत्रिकमनंततीर्थकृताम् ।**
**युगपदथैकमभवन्, स जयति गिरनारगिरिराजः ॥**

નીચેનો દરેક દુહો + ખમાસમણું + મંત્ર સાથે બોલીને થાળીના એક ડંકા સાથે માત્ર અભિષેક કરવો...

(૪૬) **દુહો :** રત્નબલાહ ગુફામહીં, રત્નપડિમા શોભંત;
દેવ સહાયે દરિસણ, નિકટ ભવિ લહંત.

**મંત્ર : ૐ હ્રીં શ્રી રત્નગિરિ ગિરિરાજાય નમઃ**

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રી ગિરનારમહાતીર્થાય જલંપૂજા યજામહે સ્વાહા.

(૪૭) **દુહો :** પ્રમોદ લહે ગિરિ દર્શને, પૂર્ણતા સ્પર્શે પમાય;
ગઢ ગિરનારની સહજતા, જેહ સદા સુખદાય.
**મંત્ર : ૐ હ્રીં શ્રી પ્રમોદગિરિ ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીં શ્રીં પરમ...**

(૪૮) **દુહો :** પ્રકર્ષથી કરે શાંત જેહ, કર્મ વંટોળ અતીવ;
પ્રશાંત ગિરિવર તેહ છે, વંદુ તેહને સદૈવ.
**મંત્ર : ૐ હ્રીં શ્રી પ્રશાંતગિરિ ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીં શ્રીં પરમ....**

(૪૯) **દુહો :** પદ્મતણી પરે જિહાં સદા, પ્રસરે ગુણ સુવાસ;
તેહ આપે ભવિ જીવને, મુક્તિ સુખ આવાસ.
**મંત્ર : ૐ હ્રીં શ્રી પદ્મગિરિ ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીં શ્રીં પરમ......**

(૫૦) **દુહો :** સિદ્ધો થકી શેખર થયો, અન્ય ગિરિમાં તેહ;
અનંત જિન નિવાસથી, પામ્યો મુક્તિરૂપ જેહ.
**મંત્ર : ૐ હ્રીં શ્રી સિદ્ધશેખરગિરિ ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીં શ્રીં પરમ......**

(૫૧) દુહો : ચંદ્રસમ શીતળપણું, આપે જીવને જેહ;
પાપ સંતાપ ટળે ઈહાં, સુખ પામે સસનેહ.

મંત્ર : **ૐ હ્રીં શ્રી ચંદ્રગિરિ ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીં શ્રીં પરમ....**

(૫૨) દુહો : સુરજ સમ પ્રતપે બહુ, સર્વ ગિરિમાં તેહ;
તેહથી સુરજગિરિ કહ્યું, નામ અનુપમ જેહ.

મંત્ર : **ૐ હ્રીં શ્રી સુરજગિરિ ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીં શ્રીં પરમ...**

(૫૩) દુહો : દેવોતણા પરિવારમાં, શોભે ઈન્દ્ર મહારાય;
તિમ ગિરિમાળ માંહે, શોભે તીરથરાય.

મંત્ર : **ૐ હ્રીં શ્રી ઈન્દ્રપર્વતગિરિ ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીં શ્રીં પરમ....**

(૫૪) દુહો : આતમ આનંદ જિહાં લહે, અનુભવે નિરમલ સુખ;
કાલ અનાદિના ટળે, મિથ્યા મતિના દુઃખ.

મંત્ર : **ૐ હ્રીં શ્રી આત્માનંદગિરિ ગિરિરાજાય નમઃ**

२७ डंकापूर्वक नीचेनो मंत्र बोली अष्टप्रकारी पूजा करवी.

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય**
**શ્રી ગિરનારમહાતીર્થાય જલાદિકં યજામહે સ્વાહા.**

**સ્તુતિ :** આ તીર્થ ભૂમિએ પક્ષીઓની, છાયા પણ આવી પડે;
ભવભ્રમણ કેરાં દુર્ગતિના, બંધનો તેનાં ટળે;
મહાદુષ્ટને વળી કુષ્ટરોગી, સર્વસુખ ભાજન બને;
એ ગિરનારને વંદતા, પાપો બધાં દૂરે જતાં.

**શ્લોક :** **दीक्षा केवलं निर्वृत्ति, कल्याणत्रिकमनंततीर्थकृताम् ।**
**युगपदथैकमभवन्, स जयति गिरनारगिरिराज : ॥**

નીચેનો દરેક દુહો + ખમાસમણું + મંત્ર સાથે બોલીને થાળીના એક ડંકા સાથે માત્ર અભિષેક કરવો...

(૫૫) દુહો : આત્માનંદને પામવા, મુનિવર કોડા કોડ;
આનંદધર એ ગિરિવરે, કરતાં દોડા દોડ.

**મંત્ર : ૐ હ્રીં શ્રી આનંદધરગિરિ ગિરિરાજાય નમઃ**

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રી ગિરનારમહાતીર્થાય જલંપૂજા યજામહે સ્વાહા.

(૫૬) દુહો : સુખદાયી એ ગિરિ થયો, આપી અનંત સુખશાત;
તેહને પામી ભવિતણા, ટળી ગયા દુઃખ વ્રાત.

**મંત્ર : ૐ હ્રીં શ્રી સુખદાયીગિરિ ગિરિરાજાય નમઃ ૐ હ્રીં શ્રીં પરમ....**

(૫૭) દુહો : અનંત સિદ્ધ જિહાં થયા, કરી અનશન શુભ ભાવ;
ભવ્યાનંદ પામી કરી, વિલસે નિજ સ્વભાવ.

**મંત્ર : ૐ હ્રીં શ્રી ભવ્યાનંદગિરિ ગિરિરાજાય નમઃ ૐ હ્રીં શ્રીં પરમ....**

(૫૮) દુહો : પરમાનંદને પામતો, દરિસણ લહે ભવિ જેહ;
તેહ પરમ પદવી ભણી, ગતિ લહે સસનેહ.

**મંત્ર : ૐ હ્રીં શ્રી પરમાનંદગિરિ ગિરિરાજાય નમઃ ૐ હ્રીં શ્રીં પરમ.....**

(૫૯) દુહો : સર્વ શાશ્વતી ઔષધિ, સુવર્ણ સિદ્ધિ રસકૂંપ;
પુણ્યશાળીને ગિરિ દીયે, ઈષ્ટ સિદ્ધ અનુપ.

**મંત્ર : ૐ હ્રીં શ્રી ઈષ્ટસિદ્ધગિરિ ગિરિરાજાય નમઃ ૐ હ્રીં શ્રીં પરમ....**

(૬૦) દુહો : આતમરામ આનંદમાં, ઝીલે જેહનો સંગ,
રામાનંદગિરિ વંદતા, પામો સુખ અસંગ.

**મંત્ર : ૐ હ્રીં શ્રી રામાનંદગિરિ ગિરિરાજાય નમઃ ૐ હ્રીં શ્રીં પરમ....**

(૬૧) દુહો : ભવ્યાકર્ષણગિરિ પ્રતિ, પ્રીત ભવિને અતીવ;
જિન અનંતની પ્રગતિ, આકર્ષે તે ભવિજીવ.

**મંત્ર : ૐ હ્રીં શ્રી ભવ્યાકર્ષણગિરિ ગિરિરાજાય નમઃ ૐ હ્રીં શ્રીં પરમ.....**

(૬૨) દુહો : ગોમેધે ઘણું દુઃખ લહ્યું, રોગે પીડીયો ભમંત;
થયો અધિષ્ઠાયક ગિરિ, દુઃખહર ગિરિ ભજંત.

**મંત્ર : ૐ હ્રીં શ્રી દુઃખહરગિરિ ગિરિરાજાય નમઃ ૐ હ્રીં શ્રીં પરમ...**

(૬૩) દુહો : શિવનો આનંદ જે ગિરિ, ચઢતાં અનુભવે જીવ;
એહવા તે શિવગિરિ પ્રતિ, પ્રગટ્યો નેહ અતીવ.

**મંત્ર : ૐ હ્રીં શ્રી શિવાનંદગિરિ ગિરિરાજાય નમઃ**

૨૭ ડંકાપૂર્વક નીચેનો મંત્ર બોલી અષ્ટપ્રકારી પૂજા કરવી.

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય**
**શ્રી ગિરનારમહાતીર્થાય જલાદિકં યજામહે સ્વાહા.**

**સ્તુતિ :** નેમ આવ્યા જાન જોડી, પરણવા રાજુલ ઘરે,
પશુઓતણા પોકાર સુણી, તે નેમજી પાછા ફરે;
વૈરાગ્યના રંગે રમેને, શિવવધૂ મનને હરે,
એ ગિરનારને વંદતા, પાપો બધાં દૂરે જતાં.

શ્લોક : **दीक्षा केवलं निर्वृत्ति, कल्याणत्रिकमनंततीर्थकृताम् ।**
**युगपदथैकमभवन्, स जयति गिरनारगिरिराजः ॥**

નીચેનો દરેક દુહો + ખમાસમણું + મંત્ર સાથે બોલીને થાળીના એક ડંકા સાથે માત્ર અભિષેક કરવો...

(૬૪) દુહો : ઈણ ગિરિની ઉજ્જવલપ્રભા, પ્રસરે ચિંહુ દિશે જ્યાંય;
તિંહા થકી તિમિર સહુ, ઝટપટ નાસે ત્યાંય.

મંત્ર : ૐ હ્રીં શ્રી ઉજ્જવલગિરિ ગિરિરાજાય નમઃ

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રી ગિરનારમહાતીર્થાય જલંપૂજા યજામહે સ્વાહા.

(૬૫) દુહો : આનંદના જિંહા સમુહ છે, અનંત જિનનાં જેહ;
તેહ ફરસી ભવિ લહે, રહે ના ક્લેશની રેહ.
મંત્ર : ૐ હ્રીં શ્રી આનંદગિરિ ગિરિરાજાય નમઃ ૐ હ્રીં શ્રીં પરમ.....

(૬૬) દુહો : એ તીરથને ભેટતાં, સર્વ તીરથ ફલલાધ;
તે તીર્થોત્તમ પ્રણમતાં, સુખ મળે અવ્યાબાધ.
મંત્ર : ૐ હ્રીં શ્રી તીર્થોત્તમગિરિ ગિરિરાજાય નમઃ ૐ હ્રીં શ્રીં પરમ....

(૬૭) દુહો : આણા મહેશ્વરગિરિ તણી, ત્રણ લોકે વર્તાય;
અનંત કલ્યાણકની જિંહા, આર્હન્ત્ય શક્તિ સમાય.
મંત્ર : ૐ હ્રીં શ્રી મહેશ્વરગિરિ ગિરિરાજાય નમઃ ૐ હ્રીં શ્રીં પરમ....

(૬૮) દુહો : રમ્યતા એ ગિરિ તણી, દેખી મોહ્યું મન;
દેવો અને વિદ્યાધરો, આવે દોડી પ્રસન્ન.
મંત્ર : ૐ હ્રીં શ્રી રમ્યગિરિ ગિરિરાજાય નમઃ ૐ હ્રીં શ્રીં પરમ....

(૬૯) દુહો : સદા કાળ જે વરસતો, ગિરિ પ્રભાવ અમંદ;
બોધિ બીજ વપનકરે, બોધિદાય નિર્મદ.

મંત્ર : **ૐ હ્રીઁ શ્રી બોધિદાયગિરિ ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીઁ શ્રીં પરમ...**

(૭૦) દુહો : નેમીશ્વરને ગિરિ શ્યામલો, મનમોહે દિન રાત;
મહોદ્યોત ભીતર કરે, ગુણ પેખી સુખ શાત..

મંત્ર : **ૐ હ્રીઁ શ્રી મહોદ્યોતગિરિ ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીઁ શ્રીં પરમ....**

(૭૧) દુહો : અરિહંત ધ્યાન પરમાણુને, ગ્રહે અર્હમ્ પદ યોગ;
સાધે જે ભવિ તે લહે, અનુત્તર સુખનો યોગ.

મંત્ર : **ૐ હ્રીઁ શ્રી અનુત્તરગિરિ ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીઁ શ્રીં પરમ.....**

(૭૨) દુહો : પ્રશમગુણ જિંહા ઉપજે, ફરસતા જીવને જ્યાં;
તિણે કારણ ગિરિ સ્પર્શથી, સુખ પામો ભવિ ત્યાં.

મંત્ર : **ૐ હ્રીઁ શ્રી પ્રશમગિરિ ગિરિરાજાય નમઃ**

૨૭ ડંકાપૂર્વક નીચેનો મંત્ર બોલી અષ્ટપ્રકારી પૂજા કરવી.

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય**
**શ્રી ગિરનારમહાતીર્થાય જલાદિકં યજામહે સ્વાહા.**

**સ્તુતિ :** સહસાવને વૈભવ ત્યજી, દીક્ષા ગ્રહે રાજુલ પ્રભુ,
યુદ્ધ આદરી ચોપનદિને, કર્મ કરે તે લઘુ;
આસો અમાસે ચિત્રા કાળે, કૈવલ્ય પામે જગવિભુ,
એ ગિરનારને વંદતા, પાપો બધાં દૂરે જતાં.

**શ્લોક : दीक्षा केवलं निर्वृत्ति, कल्याणत्रिकमनंततीर्थकृताम् ।**
**युगपदथैकमभवन्, स जयति गिरनारगिरिराजः ॥**

નીચેનો દરેક દુહો + ખમાસમણું + મંત્ર સાથે બોલીને થાળીના એક ડંકા સાથે માત્ર અભિષેક કરવો...

(૭૩) **દુહો :** મોહે પીડિત જીવડા, આવે ગિરિ સાનિધ;
સમ્યક્ત્વ પામી શિવ લહે, મોહભંજક ગિરિ કીધ.

**મંત્ર :** **ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય શ્રી ગિરનારમહાતીર્થાય જલંપૂજા યજામહે સ્વાહા.**

(૭૪) **દુહો :** અનંતકાળથી પ્રાણીયા, સેવે સ્વાર્થીય ભાવ;
ગિરિ ચરણ શરણ ગ્રહી, પ્રગટે પરમાર્થ ભાવ.

**મંત્ર :** **ૐ હ્રીં શ્રી પરમાર્થગિરિ ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીં શ્રીં પરમ....**

(૭૫) **દુહો :** મન-વચ-કાયા વશકરી, યોગી સેવે ગિરિ આજ;
શિવ સ્વરૂપ રસ લીયે, બની સદા ભૃંગરાજ.

**મંત્ર :** **ૐ હ્રીં શ્રી શિવસ્વરૂપગિરિ ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીં શ્રીં પરમ...**

(૭૬) **દુહો :** ગિરિ હારમાળાઓ મહીં, મનોહર રૂપ લહંત;
તેહ ગિરિ નિરખી ભવિ, લલિતગિરિ વદંત.

**મંત્ર :** **ૐ હ્રીં શ્રી લલિતગિરિ ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીં શ્રીં પરમ...**

(૭૭) **દુહો :** અમૃતસમ દરિસણ લહિ, પામે ભવ્યત્વ છાપ;
અમૃતગિરિ તણી સેવા કરે, તેના ટળે સવિ પાપ.

**મંત્ર :** **ૐ હ્રીં શ્રી અમૃતગિરિ ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીં શ્રીં પરમ...**

(૭૮) દુહો : આ ભવે પરભવ ભાવથી, રૈવત ભક્તિ કરંત;
દુઃખ દરિદ્ર દુર્ગતિ ટળે, દુર્ગતિવારણ નમંત.

**મંત્ર : ૐ હ્રીં શ્રી દુર્ગતિવારણગિરિ ગિરિરાજાય નમઃ ૐ હ્રીં શ્રીં પરમ...**

(૭૯) દુહો : કર્મવિડંબના જીવને, વળગી કાળ અનંત;
કર્મક્ષાયક ગિરિ સેવતાં, આતમ મુક્તિ લહંત.

**મંત્ર : ૐ હ્રીં શ્રી કર્મક્ષાયકગિરિ ગિરિરાજાય નમઃ ૐ હ્રીં શ્રીં પરમ.....**

(૮૦) દુહો : અજેય જે સવિ શત્રુને, ચિંતા સવિ દૂર જાય;
રાગદ્વેષ જીતી કરી, અરિહંત પદને પમાય.

**મંત્ર : ૐ હ્રીં શ્રી અજેયગિરિ ગિરિરાજાય નમઃ ૐ હ્રીં શ્રીં પરમ...**

(૮૧) દુહો : રજસ્ તમો ગુણી આવી, ગિરિવર પાદ ચઢંત;
સત્ત્વદાયક ગિરિ બળે, ક્ષપકશ્રેણી ધરંત.

**મંત્ર : ૐ હ્રીં શ્રી સત્ત્વદાયકગિરિ ગિરિરાજાય નમઃ**

૨૭ ડંકાપૂર્વક નીચેની મંત્ર બોલી અષ્ટપ્રકારી પૂજા કરવી.

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય**
**શ્રી ગિરનારમહાતીર્થાય જલાદિકં યજામહે સ્વાહા.**

**સ્તુતિ :** સાગર પ્રભુના કાળમાં, અતીત ચોવીસી મહી,
બ્રહ્મેન્દ્રે નિજભાવિ જાણી, નેમની પ્રતિમા ભરી;
ગણધર પ્રભુના એ થયા, વરદત્ત શિવવધૂ ધણી,
એ ગિરનારને વંદતા, પાપો બધાં દૂરે જતાં.

શ્લોક : **दीक्षा केवलं निर्वृत्ति, कल्याणत्रिकमनंततीर्थकृताम् ।**
**युगपदथैकमभवन्, स जयति गिरनारगिरिराजः ॥**

નીચેનો દરેક દુહો + ખમાસમણું + મંત્ર સાથે બોલીને થાળીના એક ડંકા સાથે માત્ર અભિષેક કરવો...

(૮૨) દુહો : પરમાણુ જે સહસાવને, દિયે વિરતિ પરિણામ;
અંતરાય સવિ દૂરે કરી, સપ્ત ગુણઠાણુ પામ.

મંત્ર : ૐ હ્રીં શ્રી વિરતિગિરિ ગિરિરાજાય નમઃ

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રી ગિરનારમહાતીર્થાય જલંપૂજા યજામહે સ્વાહા.

(૮૩) દુહો : હરિ પટરાણીને યાદવો, પ્રદ્યુમ્ન શાંબકુમાર;
વ્રતગિરિએ વ્રત ગ્રહી, પામ્યા ભવનો પાર.
**મંત્ર : ૐ હ્રીં શ્રી વ્રતગિરિ ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીં શ્રીં પરમ....**

(૮૪) દુહો : જિન અનંતા સહસાવને, નેમિપ્રભુ ઠવે પાય;
સંયમગ્રહી મનઃપર્યવી, ધ્યાનધરી મુગતે જાય.
**મંત્ર : ૐ હ્રીં શ્રી સંયમગિરિ ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીં શ્રીં પરમ...**

(૮૫) દુહો : રવિ લોક પ્રકાશતો, સર્વજ્ઞ લોકાલોક;
મોહ તિમિર દૂરે ટળે, ચેતન શક્તિ આલોક.
**મંત્ર : ૐ હ્રીં શ્રી સર્વજ્ઞગિરિ ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીં શ્રીં પરમ.....**

(૮૬) દુહો : એક એક પ્રદેશમાં, ગુણ અનંતનો વાસ;
ઈણ ગિરિ કેવલ લઈ, ભોગવે લીલ વિલાસ.
**મંત્ર : ૐ હ્રીં શ્રી કેવલગિરિ ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીં શ્રીં પરમ....**

(૮૭) દુહો : સહજાનંદ સુખ પામીયો, જ્ઞાન રસ ભરપૂર;
તેહના બળથી મેં હણ્યો, મોહ સુભટ મહાક્રૂર.

**મંત્ર : ૐ હ્રીં શ્રી જ્ઞાનગિરિ ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીં શ્રીં પરમ....**

(૮૮) દુહો : જે ગિરિએ અનંતા, નિર્વાણ પામ્યા જિન;
તે નિર્વાણગિરિ પર, કોઈ નહિં દીન હીન.

**મંત્ર : ૐ હ્રીં શ્રી નિર્વાણગિરિ ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીં શ્રીં પરમ...**

(૮૯) દુહો : આંગણું એ ગિરિ તણું, પામે જલ થલ જેહ;
ભવ સાતમે મુક્તિ લહે, તારકપણું ગુણ ગેહ.

**મંત્ર : ૐ હ્રીં શ્રી તારકગિરિ ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીં શ્રીં પરમ...**

(૯૦) દુહો : રાજીમતિને રહનેમિ, સહસાવને દીક્ષા લીધ;
વળી શિવપદ પામીયા, ઈણગિરિ અનશન કીધ.

**મંત્ર : ૐ હ્રીં શ્રી શિવગિરિ ગિરિરાજાય નમઃ**

૨૭ ડંકાપૂર્વક નીચેનો મંત્ર બોલી અષ્ટપ્રકારી પૂજા કરવી.

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય**
**શ્રી ગિરનારમહાતીર્થાય જલાદિકં યજામહે સ્વાહા.**

**સ્તુતિ :** આર્ય-અનાર્ય પૃથ્વી પર, પ્રતિબોધતાં વિચરણ કરે,
નિર્વાણકાળ સમીપ જાણી, રૈવતે પ્રભુ પાછા ફરે,
અનશનગ્રહી અષાઢ માસે, શુભાષ્ટમે સિદ્ધિ વરે,
એ ગિરનારને વંદતા, પાપો બધાં દૂરે જતાં.

શ્લોક : **दीक्षा केवलं निर्वृत्ति, कल्याणत्रिकमनंततीर्थकृताम् ।**
**युगपदथैकमभवन्, स जयति गिरनारगिरिराजः ॥**

નીચેનો દરેક દુહો + ખમાસમણું + મંત્ર સાથે બોલીને થાળીના એક ડંકા સાથે માત્ર અભિષેક કરવો...

(૯૧) દુહો : હંસ પરે નિર્મલ કરે, પરિણતિ શુદ્ધ સદાય;
જેહ ગિરિ સાન્નિધ્યથી, અનુપમ ગુણ પમાય.

**મંત્ર : ૐ હ્રીં શ્રી હંસગિરિ ગિરિરાજાય નમઃ**

જય ગિરનારજી

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રી ગિરનારમહાતીર્થાય જલંપૂજા યજામહે સ્વાહા.

(૯૨) દુહો : વિવેકગિરિ આતમ તણો, દુહ થકી જે ભિન્ન;
ધ્યાનધારા માંહી લહે, પરમ સુખ અભિન્ન.

મંત્ર : **ૐ હ્રીં શ્રી વિવેકગિરિ ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીં શ્રીં પરમ....**

(૯૩) દુહો : મુગતિના મુગટ સમો, શોભે એ ગિરિરાજ;
મુક્તિરાજ એ ગિરિ થયો, આપે સિદ્ધનું રાજ.

મંત્ર : **ૐ હ્રીં શ્રી મુક્તિરાજગિરિ ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીં શ્રીં પરમ....**

(૯૪) દુહો : મણિસમ કાન્તિ જેહની, દીપે સદા દિનરાત;
ભવિક લોકની દૃષ્ટિમાં, દીસે તે ભલીભાત.

મંત્ર : **ૐ હ્રીં શ્રી મણિકાન્તગિરિ ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીં શ્રીં પરમ...**

(૯૫) દુહો : મહાન યશને પામીયો, અનંતજિન જિહાં સિદ્ધ;
તેહની તુલનામાં નહીં, અન્ય કોઈ પ્રસિદ્ધ.

મંત્ર : **ૐ હ્રીં શ્રી મહાયશગિરિ ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીં શ્રીં પરમ......**

જય નેમિનાથજી

(૯૬) દુહો : ત્રણ લોકમાં સુરનરો, ગિરિ આકાર પૂજંત;
સંસાર બાધા છેદીને, અવ્યાબાધ ભજંત.

**મંત્ર : ૐ હ્રીં શ્રી અવ્યાબાધગિરિ ગિરિરાજાય નમઃ ૐ હ્રીં શ્રીં પરમ...**

(૯૭) દુહો : જગતના જીવો સહુ, પામી તરે સંસાર;
એહ ગુણ છે ગિરિતણો, ન લહે ફરી અવતાર.

**મંત્ર : ૐ હ્રીં શ્રી જગતારણગિરિ ગિરિરાજાય નમઃ ૐ હ્રીં શ્રીં પરમ.....**

(૯૮) દુહો : એ ગિરિનો વિલાસ જે, પ્રસરે ત્રિહુ જગમાંય;
આતમ શક્તિ પ્રગટાવવા, ભવિજન આવે ત્યાંય.

**મંત્ર : ૐ હ્રીં શ્રી વિલાસગિરિ ગિરિરાજાય નમઃ ૐ હ્રીં શ્રીં પરમ....**

(૯૯) દુહો : અગમ્ય ગુણ છે જેહના, પાર ન પામે કોઈ;
કેવલી એહ જાણી શકે, કહી ન શકે તે જોઈ.

**મંત્ર : ૐ હ્રીં શ્રી અગમ્યગિરિ ગિરિરાજાય નમઃ**

૨૭ ડંકાપૂર્વક નીચેનો મંત્ર બોલી અષ્ટપ્રકારી પૂજા કરવી.

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય**

**શ્રી ગિરનારમહાતીર્થાય જલાદિકં યજામહે સ્વાહા.**

**સ્તુતિ :** અલ્પમતિ મનમાં ધરીને, ભાવ અપાર હૈયે ભરી,
સંવંત સહસ્ર યુગલને, સંવરતણા વરસે વળી;
વર્ષાન્તમાસે શુભ્રપડવે, શબ્દો તણી ગુંથણી કરી,
એ ગિરનારને વંદતા, પાપો બધાં દૂરે જતાં.

શ્લોક : **दीक्षा केवलं निर्वृत्ति, कल्याणत्रिकमनंततीर्थकृताम् ।**
**युगपदथैकमभवन्, स जयति गिरनारगिरिराजः ॥**

નીચેનો દરેક દુહો + ખમાસમણું + મંત્ર સાથે બોલીને થાળીના એક ડંકા સાથે માત્ર અભિષેક કરવો...

(૧૦૦) **દુહો :** પ્રાચીન પડિમા વિશ્વમાં, દરિસણે દુર્ગતિ જાય;
પૂજો પ્રણમો ભાવથી, સુગતિગિરિના પાય.

**મંત્ર :** **ૐ હ્રીં શ્રી સુગતિગિરિ ગિરિરાજાય નમઃ**

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રી ગિરનારમહાતીર્થાય જલંપૂજા યજામહે સ્વાહા.

(૧૦૧) દુહો : કર્મ રેણુ દૂરે કરે, રૈવત ભક્તિ સમીર;
વીતરાગગિરિ બળે, મુક્ત બની રહે સ્થિર.

મંત્ર : **ૐ હ્રીં શ્રી વીતરાગગિરિ ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીં શ્રીં પરમ....**

(૧૦૨) દુહો : ભાવ ચિંતામણી ગિરિ દીયે, ગુણરત્નો ક્રોડા ક્રોડ;
ઈચ્છિત સર્વ શીઘ્ર ફળે, ભેટવા મન ધરે દોડ.

મંત્ર : **ૐ હ્રીં શ્રી ચિંતામણિગિરિ ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીં શ્રીં પરમ....**

(૧૦૩) દુહો : અનંત કલ્યાણકો થકી, મેરૂ સમ ગિરિ અતુલ;
અન્ય ગિરિ તુલના નહીં, ભાખે ઋષભ અમૂલ.

મંત્ર : **ૐ હ્રીં શ્રી અતુલગિરિ ગિરિરાજાય નમઃ** **ૐ હ્રીં શ્રીં પરમ.....**

(૧૦૪) દુહો : ભવ રોગ પીડતો મને, જન્મ જરા મૃત્યુ દુઃખ;
ગુણ યોગે રોગ વારજો, મહાવૈદ્યગિરિ દીયે સુખ.

**મંત્ર : ૐ હ્રીં શ્રી મહાવૈદ્યગિરિ ગિરિરાજાય નમઃ ૐ હ્રીં શ્રીં પરમ.....**

(૧૦૫) દુહો : ત્રસ સ્થાવર ગિરિ ખોળે, કર્મ મળથી અપવિત્ર;
"મા" બાળને પુનિત કરે, તિમ પાવનગિરિ ધરે હિત.

**મંત્ર : ૐ હ્રીં શ્રી પાવનગિરિ ગિરિરાજાય નમઃ ૐ હ્રીં શ્રીં પરમ...**

(૧૦૬) દુહો : ત્રિકલ્યાણક પરમાણુઓ, કાળ અસંખ્ય અવિચળ;
રત્નત્રયી અવિચળદીયે, અચળગિરિ પરિબળ.

**મંત્ર : ૐ હ્રીં શ્રી અચળગિરિ ગિરિરાજાય નમઃ ૐ હ્રીં શ્રીં પરમ...**

(૧૦૭) દુહો : અનંત લબ્ધિ ઈહાં ઉપની, ગણધર મુનિ મહંત;
આત્મ લબ્ધિગિરિ નમો, ભાવે ભજો ભગવંત.

**મંત્ર : ૐ હ્રીં શ્રી લબ્ધિગિરિ ગિરિરાજાય નમઃ ૐ હ્રીં શ્રીં પરમ......**

(૧૦૮) દુહો : એકસો આઠ શિખર મહીં, સૌભાગ્યશાળી ગિરિ શૃંગ;
ત્રિકલ્યાણક ઈણ ગિરિ, રહે પ્રતિકાળ ઉત્તંગ.

મંત્ર : **ૐ હ્રીં શ્રી સૌભાગ્યગિરિ ગિરિરાજાય નમઃ**

૨૭ ડંકાપૂર્વક નીચેનો મંત્ર બોલી અષ્ટપ્રકારી પૂજા કરવી.

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય**
**શ્રી ગિરનારમહાતીર્થાય જલાદિકં યજામહે સ્વાહા.**

*

**( ગિરનાર ગિરિરાજનો અક્ષતાદિવડે વધામણાં કરવા )**

ગત ચોવીસીમાં જે ભૂમિએ, સિદ્ધિવધૂજિનદસ વર્યા,
ને આવતી ચોવીસી માંહે, સૌ જિનો શાસ્ત્રે કહ્યાં;
એ ગિરનાર ગુણઘણા પણ, અંશથી શબ્દે વર્ણ્યા,
એ ગિરનારને વંદતા, મુજ જન્મ આજ સફળ થયો.

**પૂર્ણાહૂતિ વિધિ પાના નં. ૧૦૭ થી ૧૨૨ પ્રમાણે કરવી.**

**॥ ઈતિ ગિરનારજી મહાતીર્થ ૧૦૮ નામાભિષેક મહાપૂજન સમાપ્ત ॥**

*

પંન્યાસ હેમવલ્લભ વિજય ગણિવર્ય કૃત્

# શ્રી ગિરનારજી મહાતીર્થ મહિમા ગર્ભિત

# શ્રી નવ્વાણું પ્રકારી પૂજાવિધિ

જઘન્યથી કળશ ગ્રહણ કરનાર નવ શ્રાવક અને ઉત્કૃષ્ટપણે નવ્વાણું શ્રાવક જાણવા.

જઘન્યથી નવ જાતિનાં પ્રત્યેક અગ્યાર ફળ લઈને પ્રત્યેક પૂજા દીઠ નવ નવફળ મૂકવા જેથી અગ્યારે પૂજામાં નવ નવ મૂકતાં કુલ ૯૯ ફળ થાય તેજ રીતે નૈવેદ્ય આદિ પણ જઘન્યથી નવ જાતિના અગ્યાર અગ્યાર નંગ લાવીને પ્રત્યેક પૂજા દીઠ નવ નવ નંગ મૂકવા.

નવ્વાણું દીપક વંશમાલે ધરવા તથા અક્ષતના નવ્વાણું સાથિયા કરવા.

સ્નાત્ર પૂજા ભણાવીને અભિષેક કર્યા બાદ નીચે મુજબ પૂજાનો પ્રારંભ કરવો.

## શ્રી ગિરનારજી મહાતીર્થ મહિમા ગર્ભિત
## શ્રી નવ્વાણું પ્રકારી પૂજા પ્રારંભ

## પ્રથમ પૂજા

### ભૂમિકા

આ પૂજામાં ગિરનારજી મહાતીર્થને વંદન કરવાપૂર્વક ગિરનારની નવ્વાણું યાત્રાની વિધિનું વર્ણન સંક્ષિપ્તમાં કરવામાં આવે છે. સાથે સાથે શાસ્ત્રાધારે ગિરનારના છ આરા દરમ્યાનના વિધવિધ નામો અને પ્રમાણનું વર્ણન કરેલ છે. અર્થાત્ કયા આરામાં ગિરનારનું શું નામ રહે છે અને તે તે આરામાં ગિરનારની ઉંચાઈ કેટલી રહે તેની માહિતી આપવામાં આવેલ છે.

ગિરનારજી મહાતીર્થના શાસ્ત્રીય છ નામો જ આજે ઉપલબ્ધ હોવા છતાં પ્રાયઃ શાશ્વતએવો આ ગિરિ અનંતકાળથી વિદ્યમાન હોવાથી તે વિધવિધ કાળે અનંતાનામોથી ઓળખાતો હશે પરંતુ વર્તમાનમાં તે નામો આપણી પાસે ઉપલબ્ધ નથી ત્યારે આ ગિરિના અનેક ગુણોને અનુલક્ષીને તેના ૧૦૮ નામોની સુંદર રચના કરવામાં આવેલ છે. જેમાંથી નવ્વાણું નામ પૈકી ૯-૯ નામોનો ઉલ્લેખ પ્રત્યેક પૂજામાં કરવામાં આવેલ છે.

નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ

:: દુહો ::

શ્રી શાશ્વતગિરિ શિર ધરી, પ્રણમી શ્રી ગુરૂપાય; રૈવતગિરિ ગુણ ગાઈશું, સમરી શારદ માય ॥ ૧ ॥

પ્રાયઃ એ ગિરિ શાશ્વતો, મહિમાનો નહિ પાર; દીક્ષા કેવળને નિર્વાણ, નેમીશ્વર મનોહાર ॥ ૨ ॥

શત્રુંજય તીરથ તણું, શિખર પંચમ સાર; દાયક પંચમનાણનો, ગિરિભૂષણ ગિરનાર ॥ ૩ ॥

ઉત્કૃષ્ટ પરિણામે જે કરે, યાત્રા નવ્વાણું વાર; પુણ્યપૂંજ કરી એકઠો, ન લહે ફરી અવતાર ॥ ૪ ॥

નવકળશે અભિષેક નવ, એમ એકાદશ વાર; પૂજા દીઠ શ્રીફળ પ્રમુખ, એમ નવ્વાણું પ્રકાર ॥ ૫ ॥

:: ઢાળ ::

(રાગ : જિનરાજકું સદા મોરી વંદના)

ગિરનારકું સદા મોરી વંદના રે, ગિરનારકું સદા મોરી વંદના રે;
યાત્રા નવ્વાણું કરતાં હોવે, ભવોભવ પાપ નિકંદના રે... ॥ ૧ ॥

છ'રી પાળી રૈવતગિરિ આવી, નેમિનાથ જુહાર રે;
લાખ નવકાર ગણણું ગણીજે, પૂજા નવ્વાણું પ્રકાર રે... ॥ ૨ ॥

કેવલ દીક્ષા કલ્યાણકભૂમિ, નેમિજિન ચૈત્ય ઉદાર રે;
પ્રદક્ષિણા કાઉસ્સગ્ગ કરીજે, અષ્ટોત્તર શતવાર રે... ॥ ૩ ॥

ચોવિહાર છઠ્ઠ કરી સાત યાત્રા, ગજપદના જલે સ્નાન રે;
ચૌદ ચૈત્ય નવવાર નમીજે, દેવવંદન ગુણગાન રે... ॥ ૪ ॥

છએ આરે ઈણ ગિરિના, વિધ વિધ નામ વખાણો રે;
યોજન છવ્વીસ વીસ ષોડશ દસ બે, છઠ્ઠે ચઉશત હસ્ત માનોરે... ॥ ૫ ॥

જય ગિરનારજી

જય નેમિનાથજી

નવ્વાણું ગિરિ નામ ભલેરા, તેહમાં ષટ્ છે મુખ્ય રે;
‘ કૈલાસગિરિ ’ થયો પહેલે આરે, ‘ ઉજ્જયંત ’ બીજે પૂજ્ય રે... ॥ ૬ ॥

ત્રીજે આરે ‘ રૈવતગિરિ ’ મોહે, ચોથે ‘ સ્વર્ણગિરિ ’ પ્રસિદ્ધ રે;
ઇણ પાવન તીર્થે આવીને, અનંત તીર્થંકર સિદ્ધ રે... ॥ ૭ ॥

પાંચમે આરે ‘ગિરનાર’ સોહે, છઠ્ઠે ‘ નંદભદ્ર ’જણાય રે;
‘ પારસગિરિ ’ ‘ યોગેન્દ્ર ’ ‘ સનાતન ’, ગિરિવર નામ કહાય રે... ॥ ૮ ॥

ગિરનાર ભક્તિ રંગ થકી રે, ઉપન્યો નેહ અપાર રે;
હેમ વદે એ તીરથ સેવંતા, ભવજલ પાર ઉતાર રે... ॥ ૯ ॥

(કાવ્યમ્-અનુષ્ટુપ)
અનંતમહિમાવન્તં, દીક્ષાકેવલ સિદ્ધિદં; સદા કલ્યાણકૈઃ પૂતં, વન્દે તં રૈવતાચલં.

(અથમંત્ર)
ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય,
શ્રીમતે જિનેન્દ્રાય, જલાદિકં યજામહે સ્વાહા

॥ ઇતિ પ્રથમ પૂજાભિષેકે ઉત્તરપૂજા ૯ સંપૂર્ણ ॥

## દ્વિતીય પૂજા

### ભૂમિકા

આ પૂજામાં ગિરનારજી મહાતીર્થની સાત ટૂંકોના નામોનો ઉલ્લેખ કરવા સાથે આ ગિરિરાજની પ્રદક્ષિણા કરનારના દુઃખ અને દુર્ભાગ્ય દૂર નાશી જાય છે તેવું જણાવવામાં આવેલ છે.

